NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી

ડૉ. એમ. એસ.પુરોહીત
ઈ/ચા. કુલસચિવ

ફોન : ૦૨૬૩૭/૨૮૨૭૭૧ – ૭૫ (એક્ષ.૧૧૩૨) ફેકસ : ૦૨૬૩૭–૨૮૩૭૯૪
E-mail : registrarnau@yahoo.co.in M.No. 9825136793

વંચાણમાં : નામ. સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૧૯.૯.૨૦૧૧ના ઠરાવ ક્રમાંક એટીએમ-૧૦૨૦૧૧-૧૬૯૮-ક.૭.

## પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપની કચેરીમા મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ જગ્યાઓ ઉપર ફરજ બજાવતા અધિકારીશ્રીઓ, કેન્દ્ર પુરસ્કૃત ***"સપોર્ટ ટુ સ્ટેટ એક્ષટેંન્સન પ્રોગ્રામ ફોર એક્ષટેંન્સન રીફોર્મ" આત્મા યોજના*** હેઠળ મંજુર થયેલ **પ્રોજેક્ટ ડાયરેકટર** આત્માની જગ્યાઓ પ્રતિનિયુક્તિથી ભરવા માટે ઉપરોકત વંચાણમાં લીધેલ ઠરાવમા જણાવ્યા મુજબ **પ્રોજેક્ટ ડાયરેકટર** ની જગ્યાઓ ઉપર પ્રતિનિયુકિત ઉપર ફરજ બજાવવા માંગતા હોય તેવા અધિકારીશ્રીઓની સંમતિ મેળવીની તેઓના સંપૂર્ણ બાયોડેટા સહિત નીચેની વિગતોને ધ્યાને લઇને તેમની અરજી અત્રેની કચેરીને દિન-૧૦માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

૧. ઉપરોકત જગ્યાઓ નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતા કુલ સાત જિલ્લાઓમાં નવસારી, ભરુચ, સુરત, નર્મદા,ડાંગ, વલસાડ, અને તાપી એમ સાત જિલ્લાઓમાં નાયબ નિયામક અને તેની સમકક્ષ (પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦ + ૬૦૦૦ ગ્રેડ પે) અથવા વિસ્તરણની કામગીરીથી સંકળાયેલ અધિકારીઓને પ્રોજેક્ટ ડાયરેકટરની જગ્યાએ પ્રતિનિયુકિતના ધોરણે નિમણૂંક આપવાની રહેશે.

૨. ઉપરોકત વંચાણમાં લીધેલ ઠરાવની શરત નં.૨ મુજબ **પ્રોજેક્ટ ડાયરેકટર** ની જગ્યાઓ ઉપર પ્રતિનિયુકિતથી નિમણૂંક પામનાર અધિકારીનું પગારધોરણ તથા પગાર તેઓ જે મેળવતા હશે તે મુજબ જ રહેશે.

૩. હાલ પુરતા પ્રોજેક્ટ ડાયરેકટરનું હેડ કવાર્ટર જે તે જીલ્લાનું ખેડુત તાલીમ કેન્દ્ર રહેશે.

૪ આ જગ્યાઓ સરકાર દ્વારા યોજના જ્યાં સુધી ચાલુ રાખવામાં આવે ત્યાં સુધીજ ચાલુ રહેશે.

કુલસચિવ

જા.નં. નકૃયુ/ રજી./એડીએમ.૧-૧/ ૯૮૮૬-૯૩૫/૨૦૧૨
નવસારી તા. ૧.૬.૨૦૧૨

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ</u>**

૧. અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓતરફ જાણ તથા આપશ્રી ની કચેરીમા ફરજ બજાવતા ***મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ જગ્યાઓ*** ઉપર ફરજ બજાવતા અધિકારીશ્રીઓના ઉપરોકત બાબત ધ્યાન ઉપર લાવવા સારૂ.

૨. રહસ્ય સચિવ (કુલપતિશ્રી/કુલસચિવશ્રી)

૩. અત્રેની કચેરીની ખાંનગી શાખા